# ૨૦૦થી વધુ બાળકો જે નિશાળમાં ભણે ત્યાં પીવાના પાણીની સુવિધા નથી



અમારા પાણીથી બીજા વિસ્તારના ખેતરો લીલાછમ થયા. ત્યાંના ખેડૂતો સમૃદ્ધ બન્યાને અમે? અમે એ જ ખેડૂતોના ખેતરમાં સાથી, ભાગીયા બનીને કામ કરવા જઈએ.”

“બેન, જરા અમારી શાળામાં પણ પધારો...” ખેડબ્રહ્માના ખેડવા ગામના એક વૃદ્ધ કાકાએ આ કહ્યું. ગામની શાળામાં લગભગ ૨૦૦થી વધુ બાળકો ભણે પણ શાળામાં આ બાળકો માટે પીવાના પાણીની સુવિધા નહીં. આદિવાસી વિસ્તારમાં બાળકો બહુ દૂર દૂરથી ચાલતા નિશાળે આવે. લાંબુ ચાલે એટલે તરસ પણ એવી જ લાગે પણ નિશાળમાં પાણી નહીં. સૌ ઘરેથી પ્લાસ્ટીકની બોટલ લઈને આવે ને નિશાળમાં ભણે ત્યાં સુધી એ એક બોટલથી ચલાવે.

“આટલા બધા બાળકોને પાણી મળે તે માટે કોઈ પ્રયત્નો?” મારા પ્રશ્નના જવાબમાં કાકાએ ભીની આંખે કહ્યું, “બેન, અમારે દુઃખ જ પાણીનું. નિશાળમાં હેન્ડપંપ થાય એ માટે સરકારે કોશીશ કરી પણ પાણી ન મળ્યું. અમારા ગામની નજીક જ ખેડવા ડેમ બન્યો. વરસાદનું પાણી અમારી જ ધરતી પર ભેગું થાય છતાં અમારા બાળકોને પીવા માટે એક ઘૂંટ પાણી નથી મળતું.”

આ તે કેવી વિસંગતતા? હું વિચારી રહી હતી ત્યાં એક યુવાન ખેડૂત બોલ્યા, “અમારી પાસે જમીન છે, પણ પાણી નથી. વરસાદ સારો પડે તો થોડું ઘણું પાકે. વરસાદ ઓછો પડે તો આખું વર્ષ બગડી જાય. પછી પરિવાર સાથે ગામ છોડીને બીજા ગામોમાં કામ કરવા જવું પડે. આવામાં અમારા બાળકોનું ભણતર અધૂરું રહી જાય.”

“સરકારને રજૂઆત કરી?” “ઘણી વખત કરી. સરકાર તો અમારી માઈ-બાપ. પણ ક્યારેક થાય કોઈ મા-બાપ પોતાના બાળકોને આમ તરસતા જોઈ શકે?” આ શબ્દો સાંભળીને જીવ બળ્યો. ત્યાં એક ભાઈએ એક બાળક તરફ ઈશારો કરતાં કહ્યું, “અમારે ગાડી-બંગલા નથી જોઈતા. અમારે અમારા બાળકોને શાળામાં પીવાનું પાણી, ખેતરમાં બે પાક લઈ શકીએ ને રોજી-રોટી માટે ગામ છોડવું ન પડે બસ આટલું જ જોઈએ.” એક રીતે સાબરકાંઠાના ખેડવા ગામના લોકોએ કાંઈ બહુ મોટી ચીજો નથી માંગી. આ દેશના નાગરિક તરીકેના પ્રાથમિક અધિકારની વાત એમણે કરી. જોકે આ વ્યથા ફક્ત ખેડવા કે એની આસપાસના વીસ ગામોની નથી પણ ગુજરાતની પૂર્વ પટ્ટીમાં વસતા હજારો આદિવાસીઓની.

અમે આ ગામમાં જળસંચયના કાર્ય આરંભ્યું. તળાવ ઊંડુ થઈ રહ્યું હતું અમે ત્યાં પહોંચ્યા. એ વખતે ગામના ઘણા યુવાનો ભેગા થઈ ગયા. એમાંના રમેશભાઈએ તળાવ પાસે આવેલી પોતાની સૂકી જમીન તરફ આંગળી ચીંધતા કહ્યું, “પીવાનું પાણી નથી. અમે ખેતરમાં પચાસ હાથ સુધી કૂવા ખોદ્યા, પણ પાણી મળતું નથી. આખી જમીન હૂકી પડી છે. વરસાદ આવે તો થોડું ઘણું પાકે બાકી”તેમના ચહેરા પર નિરાશા દેખાતી હતી. એમણે પોતાની વાતને આગળ વધારતા કહ્યું, “ખેડવા, બહેડિયા, ધ્રોઈ, ઝાંઝવા, પુણઈ, બોરડી જેવા અહીંયાના લગભગ વીસ ગામોની સ્થિતિ અમારા જેવી. આજે આખુ ગુજરાત અમારું પાણી પીવે, આદિવાસી વિસ્તારોમાં અનેક ડેમો બન્યા. આ ડેમો માટે હજારો આદિવાસી પરિવારોની જમીન ગઈ. કેટલાકે પોતાના ખેતરો ગુમાવ્યા, કેટલાકે વસવાટની જગ્યાઓ પણ એ ડેમના પાણીનો લાભ મેદાની વિસ્તારોને જેટલો મળ્યો એટલો આદિવાસીઓને ન મળ્યો.” રમેશભાઈની વાત સાચી, ડેમ માટે ધરતી એમની, નદીઓ એમની, ડુંગરો એમના છતાં પાણીનો હક આજે પણ અધૂરો.

અમે ગામના લોકોના રોષને ક્યાંક એમની નિરાશાને સાંભળી રહ્યા હતા ત્યાં ગામના એક યુવાને કટાક્ષ સાથે કહ્યું, “અમારા ખેતરોના પાણીથી બીજા વિસ્તારના ખેતરો લીલાછમ થયા. ત્યાંના ખેડૂતો સમૃદ્ધ બન્યા ને અમે? અમે એ જ ખેડૂતોના ખેતરમાં સાથી, ભાગીયા બનીને કામ કરવા જઈએ.”આટલું કહીને એ હસ્યા. આમ તો એમનું એ અટ્ટહાસ્ય હતું.

“ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ના લાધશે.” ઉમાશંકર જોશી લીખીત આ કવિતાનો અર્થ ગહન છે. જ્યારે ભૂખ્યા અને પીડિત લોકોની ભૂખ અસહ્ય બની જશે, જ્યારે તેમની અંદરની પીડા અને આક્રોશ જાગશે, ત્યારે સમાજની કોઈ ભવ્ય ઈમારત, સત્તા, વૈભવ કે વ્યવસ્થા ટકી શકશે નહીં. આ આદિવાસી પરિવારો હાલ ચૂપ છે, રજૂઆતો કરી રહ્યા છે પણ ક્યારેક થાકશે ને હાથમાં હથિયાર પકડશે ત્યારે સ્થિતિ બેકાબૂ બની જશે.

રાજ્યનો વિકાસ થયો છે, જળને લઈને આજથી વીસ વર્ષ પહેલા ગુજરાતની જે સ્થિતિ હતી એમાં ઘણો સુધારો થયો. અછતવાળા વિસ્તારોમાં સરકારે પાણી પહોંચાડ્યા ને એ વિસ્તારની સકલ બદલાઈ ગઈ. પણ વિકાસની આ તક કે લાભ સમાન રીતે સૌ સુધી નથી પહોંચ્યો એ આપણે આ વિસ્તારના આદિવાસી પરિવારોને સાંભળીએ તો સમજાય. ગુજરાતની પૂર્વ પટ્ટી -બનાસકાંઠાથી શરૂ થઈને સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગ સુધીનો વિસ્તાર. એક રીતે રાજ્યનો સૌથી વધુ વરસાદ મેળવનારો વિસ્તાર. પણ વરસાદ સારો પડે છતાં અહીં પાણીની સમસ્યા ગંભીર છે. અહીંયા વરસાદી પાણી ઝડપથી વહી જાય છે. જળસંચયના કાર્ય થયા છે, આજે પણ થાય છે પણ એ પૂરતા નથી વળી સતત થવા જોઈએ એ પણ ક્યાંક થતા નથી. બોરવેલની ટેકનોલોજીનો અહીંયા પણ ઉપયોગ થયો એના કારણે થોડા સમય માટે પાણીની શાંતિ થાય પણ પછી એના લીધે ધીમે ધીમે ભૂગર્ભ જળસ્તર સતત નીચે જવા માંડ્યા એટલે કૂવાઓ સૂકાઈ ગયા. હેન્ડપંપ પણ નિષ્ક્રિય થયા. ચોમાસુ અને શિયાળો વાંધો ન આવે પણ ઉનાળો આવે એટલે પાણી માટેનો સંઘર્ષ શરૂ થઈ જાય. પાણી લાવવાની જવાબદારી પરિવારમાં બહેનોની ને એ માટે બહેનો કિલોમીટર સુધી ચાલે. આદિવાસી વિસ્તારોમાં આમ જુઓ તો પાણીના અભાવની સમસ્યા નથી પણ તેના સંચાલનની છે. વરસાદનું એક-એક ટીપું જો ગામમાં રોકી શકાય તો પરિસ્થિતિ બદલાઈ શકે. તળાવો ઊંડા થાય ક્યાંક નવા બને, ચેકડેમની વખતો વખત મરમ્મત થાય ને ચેકડેમનું ડીસીલ્ટીંગ પણ સમયસર થાય, કૂવાઓ રિચાર્જ થાય તો ભૂગર્ભ જળસ્તર ઊંચું આવે ને આ વિસ્તાર ફરી હરિયાળો બની શકે. જો કે આ બધામાં ખાસ ભ્રષ્ટાચાર રહીત કામો થાય એ પણ જરૂરી. ખેડવા ડેમ આ ગામોથી ઝાઝો દૂર નથી. સરકાર દ્વારા મોટી પાણીની પાઈપલાઈનો જ્યાંથી પસાર થાય એની આસપાસના સાત કિ.મી.ની અંદર આવેલા ગામોના તળાવને ભરવાનો પરીપત્ર કરવામાં આવ્યો. ખેડવા ડેમમાંથી નીકળતી પાઈપલાઈન ગામથી બે કિ.મી.ના અંતરે પસાર થાય છે. આ પાઈપલાઈનથી આ વિસ્તારના તળાવો ભરાય તો વીસ ગામોને ફાયદો થાય. સરકારમાં આ બાબતે રજૂઆત કરી છે. આશા રાખીએ આદિવાસી પરિવારોના કલ્યાણ માટે સરકાર ઝડપથી એમના તળાવમાં પાણી નાખે...

**આ ડેમો માટે હજારો આદિવાસી પરિવારોની જમીન ગઈ. કેટલાકે પોતાના ખેતરો ગુમાવ્યા, કેટલાકે વસવાટની જગ્યાઓ, પણ એ ડેમના પાણીનો લાભ મેદાની વિસ્તારોને જેટલો મળ્યો એટલો આદિવાસીઓને ન મળ્યો**

**આપણી આસપાસ**

★ મિત્તલ પટેલ

# ઉચ્ચ માનવીય ગુણો ધરાવતા રાજીવ ગાંધી

ભારતના નવમાં વડાપ્રધાન રાજીવ ગાંધીનો કાર્યકાળ એક ટર્મનો જ રહ્યો છતાં તેમના ગુણો અને નિર્ણયો આજે પણ લોકોને યાદ છે. ઈન્દિરા ગાંધીની હત્યા પછી માત્ર ચાલીસ વર્ષની ઉંમરે ભારતના સૌથી યુવાન વડાપ્રધાન બનેલા રાજીવ ગાંધીની સૌથી મોટી ખાસિયત તેમની રાજકીય ખેલદિલી હતી. અટલ બિહારી વાજપેયી ઘૂંટણની ગંભીર બીમારી પીડાઈ રહ્યા હતા અને તેમને હતી. જ્યારે રાજીવ ગાંધીને આ વાતની જાણ થઈ, ત્યારે તેમણે એક અદભૂત નિર્ણય લીધો. તેમણે વાજપેયીને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિમંડળના નેતા તરીકે મોકલ્યા, જેથી તેઓ સત્તાવાર રીતે અમેરિકા જઈ શકે અને ત્યાં પોતાની સારવાર કરાવી શકે. આ નિર્ણયથી વાજપેયીની સારવાર સફળ રહી. રાજીવ ગાંધી માટે રાજકારણ માત્ર વિરોધનું માધ્યમ ન હતું, પરંતુ માનવીય સંબંધો અને મૂલ્યોનું પણ માધ્યમ હતું. રાજીવ ગાંધી જમીની નેતા હોવાનો એક શ્રેષ્ઠ ઉદાહરણ બનાસકાંઠાનો કિસ્સો છે. જ્યારે તેઓ ગુજરાતના બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે હતા, ત્યારે તેમની સાથે સઘન SPG સુરક્ષા કવર હતું. પરંતુ, તેમણે જોયું કે SPGના કમાન્ડોને કારણે તેઓ સીધા પૂરગ્રસ્ત લોકો સુધી પહોંચી શકતા ન હતા. આ પરિસ્થિતિ જોઈને, રાજીવ ગાંધીએ એક અણધાર્યો નિર્ણય લીધો. તેમણે પોતાના સુરક્ષા કમાન્ડોને પાછળ રહેવા કહ્યું અને પોતે એક સામાન્ય જીપ્સી લઈને સીધા પૂરથી પ્રભાવિત ગામો તરફ નીકળી પડ્યા. તેમણે ગામલોકો સાથે વાત કરી, તેમની સમસ્યાઓ સાંભળી અને મદદ કરવાનું આશ્વાસન આપ્યું. રાજીવ ગાંધી માટે સત્તા કે સુરક્ષા કરતાં લોકોનું કલ્યાણ અને તેમની સાથેનો સીધો સંપર્ક વધુ મહત્વનો હતો.



રાજીવ ગાંધીએ સદીઓ જૂની ટેકનીકલ પ્રણાલીના જામ થઈ ગયાના પૈડાં તેલ ઊંજ્યું. એમના કારણે જ આજે ભારત આટલું આગળ છે. તેમણે કમ્પ્યુટર, ટેલિકોમ અને માહિતી ટેકનોલોજીના વિકાસ માટે મહત્વપૂર્ણ પગલા લીધા. સેમીકન્ડક્ટર, કમ્પ્યુટરાઈઝેશન અને પબ્લિક સર્વિસમાં આધુનિક સાધનોનો ઉપયોગ શરૂ કરાવ્યો. શિક્ષણ સુધારણા માટે 'નેશનલ એજ્યુકેશન પોલિસી, 1986' અમલમાં મૂકી. ગ્રામ્ય શિક્ષણ, સાક્ષરતા અભિયાન અને નવોદય વિદ્યાલયોની શરૂઆત કરી. આયાતમાં છૂટછાટ, ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન અને નવો વ્યાપાર માહોલ ઊભો કર્યો. સ્થાનિક સ્વરાજ્યને મજબૂત કરવા 64મી અને 65મી બંધારણીય સુધારા પ્રસ્તાવિત કર્યા. પાડોશી દેશો સાથે સંબંધ મજબૂત કરવા પ્રયત્ન કર્યા. શ્રીલંકા સાથે “ઈન્ડો-શ્રીલંકા એકોર્ડ”(1987) કર્યો. યુએસ, સોવિયત યુનિયન તથા યુરોપિયન દેશો સાથે નવા સંબંધો ગાઢ કર્યા. રાજીવ ગાંધીએ વડાપ્રધાન તરીકે ભારતને 21મી સદીમાં લઈ જવાનું સ્વપ્ન જોયું હતું. તેમણે માન્યું કે ભારત ત્યારે જ પ્રગતિ કરી શકશે જ્યારે તે આધુનિક ટેકનોલોજીને અપનાવશે. આ દ્રષ્ટિએ તેમણે ભારતમાં સંચાર ક્રાંતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. તેમણે કમ્પ્યુટરને ભારતના દરેક ઘરમાં પહોંચાડવાનું સ્વપ્ન જોયું હતું. કમ્પ્યુટરના આયાત પરના નિયંત્રણો હટાવ્યા, જેના કારણે કમ્પ્યુટર વધુ સસ્તું બન્યું અને સામાન્ય લોકો માટે સુલભ થયું. તેમણે MTNL અને VSNL જેવી સંસ્થાઓની સ્થાપના કરીને તેમણે મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ માટે પાયો નાખ્યો હતો, આ પ્રયત્નોના પરિણામે આજે ભારત વિશ્વની ટેકનોલોજી શક્તિઓમાંનું એક બન્યું છે.

રાજીવ ગાંધીએ ફ્લેટ, ફોન અને ફિયાટ (3F) રાજીવ ગાંધીએ સામાન્ય ભારતીય માટે એક સુંદર સ્વપ્ન જોયું હતુંઃ ફ્લેટ, ફોન અને ફિયાટ. આ ત્રણ ‘F’ દ્વારા તેઓ દરેક નાગરિકને આધુનિક જીવનશૈલી અને સુવિધાઓ પૂરી પાડવા માંગતા હતા. તેમણે ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા માટે સુવર્ણ ચતુષ્કોણ એક્સપ્રેસ હાઈવે જેવી મહત્ત્વકાંક્ષી યોજનાની કલ્પના કરી હતી, જેનો અમલ પાછળથી થયો. આ યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના ચારેય મોટા મહાનગરોને જોડવાનો હતો, જેથી વેપાર અને પરિવહન સરળ બને.

એમની સામે અણધાર્યા પડકારો આવ્યા હતા. બ્લુ સ્ટાર ઓપરેશન પછી ઊભી થયેલી અશાંતિ ચાલુ જ રહી. રાજીવ ગાંધી સરકારે શાંતિ માટે પંજાબ અકાલી નેતાઓ સાથે સંવાદ કર્યો, પણ સંપૂર્ણ સફળતા ન મળી. શ્રીલંકામાં લંકાઈ તમિલ મુદ્દો ઈન્ડિયન પીસ કીપિંગ ફોર્સ (IPKF) મોકલવાના નિર્ણયથી ભારત અને શ્રીલંકા બંને જગ્યાએ ભારે અસંતોષ ફેલાયો. કોંગ્રેસની અંદર જૂથવાદ અને બહારથી મજબૂત વિપક્ષ સામે આવવું પડ્યું. એમની છબી ઉપર સૌથી મોટો દાગ બોફોર્સ તોપ સોદાએ લગાવ્યો. સ્વીડનની બોફોર્સ તોપ ખરીદીમાં કિકબેક લેવાના તેમના ઉપર આરોપ લાગ્યા. એવો જ બીજો કેસ એમને નડ્યો. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ રાજીવ સરકારે મુસ્લિમ પર્સનલ કાયદામાં ફેરફાર કરી “મુસ્લિમ વુમન એક્ટ” પસાર કર્યો. આથી સેક્યુલરિઝમ સામે સમાધાન કર્યાનો આરોપ લાગ્યો. શાહ બાનો કેસ પછી હિંદુ સમુદાયને સંતોષ આપવા સરકારએ અયોધ્યાના રામજન્મભૂમિ અને બાબરી મસ્જિદ સ્થળના તાળાં ખોલવાની મંજૂરી આપી. આ નિર્ણયે તેમની ધર્મનિરપેક્ષ છબી ખરડાઈ. આસામ અને મિઝોરમમાં વિભાજનવાદી આંદોલનોનો સામનો કરવો પડ્યો. ટૂંક મા, રાજીવ ગાંધીનો સમયગાળો આધુનિક ભારતના ટેક્નોલોજી યુગની શરૂઆત માટે યાદ રાખવામાં આવે છે. પરંતુ તેમના કાર્યકાળમાં લેવાયેલા કેટલાક વિવાદાસ્પદ નિર્ણયોને કારણે, તેમના રાજકીય જીવનને ભારે નુકસાન પહોંચાડ્યા.

**શિક્ષણ સુધારણા માટે ‘નેશનલ એજ્યુકેશન પોલિસી, 1986’ અમલમાં મૂકી. ગ્રામ્ય શિક્ષણ, સાક્ષરતા અભિયાન અને નવોદય વિદ્યાલયોની શરૂઆત કરી**

**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી